અપીલ અરજી નં.૪૬૯ તા.૧૫–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી વિજય ઈશ્વરલાલ રસકપુરવાલા
સામાવાળાઃ– (૧)ડે. કમિશનર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી(મ.શ.વિ.)
(૨) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય ઈશ્વરલાલ રસકપુરવાલાની તા. ૧૭–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત કોર્પોરેશનમાં સંગમ કો.ઓ.હાઉસીંગ સોસાયટીનાં પ્લોટ નં.૩૩ માટે શ્રી ડો.હિરેનભાઈ પાઠક તથા શ્રીમતિ ડો.પ્રજ્ઞાબેન પાઠકે મોડીફાઈડ પ્લાનની અરજી કરી છે તે ઈનવર્ડ થઈ તેની તારીખથી અરજી મંજુર થઈ ત્યાં સુધીમાં જે જે ખાતાનાં જે જે અધિકારીઓએ અરજી ઉપર જે જે નોંધ મૂકી છે તે નોંધની વિગત દર્શાવતા તથા નોંધ મુકનાર અધિકારીનું નામ તથા સહી અને જે અધિકારીએ અરજી ફાઈનલ મંજુર કરી છે તેનું નામ તથા સહીની કોપીઓ વિ. મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૯/૨૦૧૧–૧૨

શ્રી વિજય ઈશ્વરલાલ રસકપુરવાલાની તા. ૧૭–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત કોર્પોરેશનમાં સંગમ કો.ઓ.હાઉસીંગ સોસાયટીનાં પ્લોટ નં.૩૩ માટે શ્રી ડો.હિરેનભાઈ પાઠક તથા શ્રીમતિ ડો.પ્રજ્ઞાબેન પાઠકે મોડીફાઈડ પ્લાનની અરજી કરી છે તે ઈનવર્ડ થઈ તેની તારીખથી અરજી મંજુર થઈ ત્યાં સુધીમાં જે જે ખાતાનાં જે જે અધિકારીઓએ અરજી ઉપર જે જે નોંધ મૂકી છે તે નોંધની વિગત દર્શાવતા તથા નોંધ મુકનાર અધિકારીનું નામ તથા સહી અને જે અધિકારીએ અરજી ફાઈનલ મંજુર કરી છે તેનું નામ તથા સહીની કોપીઓ વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫– ૧૨ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારે તા.૨૬–૧૧–૧૧ ના રોજ કમિશ્નરશ્રીને તા.૧૭–૯–૧૧ થી માહિતી માંગતી અરજી કરેલ જે અંગે નિયત સમય અવધિમાં માહિતી મળેલ નથી તે બાબતે તા.૨૬–૧૧–૧૧ ના રોજ ઈમેલથી જાણ કરેલ તે પત્ર અત્રે તા.૨૯–૧૧–૧૧ ના રોજ મળેલ. જે અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૮ તા.૩–૧૨–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ને કાયદાની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરી પુર્તતા અત્રે મોકલવા તથા અરજદારને આરટીઆઈની કલમ–૧૯(૧) અનુસાર આરટીઆઈ હેઠળની અરજી અંગે નિયત સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ ન થઈ હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજગીના કિસ્સામાં અપીલ કરવી હોય તો નમુના–ક મુજબની મુળ અરજીની નકલ, ભરવામાં આવેલ ફીની વિગત નારાજગીના કારણો અંગે આધાર સહિત સાથેસામેલ કરેલ નમૂના–'ચ' મુજબ અપીલ કરવા સૂચિત કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/આ.૮૨૫ તા.૧૨–૧૦–૧૧ થી ટાઉનપ્લાનર મ.શહેર વિકાસને નિયત સમય અવધિબાદ અઘટિત વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જયારે અરજદાર તરફથી અપીલ અંગે નિયત ફોર્મ નમુના–ચ , ફી ભર્યાની વિગત અને મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૯૬ તા.૨૧–૧૨–૧૧ થી ડે. કમિશનર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી(મ.શ.વિ.) તથા અરજદારને લગભગ એક માસથી વધુ વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯ (૧) હેઠળ વાજબીપણું રજુ કરવા સાથે અપીલ સમયગાળા દરમ્યાન જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ હોય તો તે મળ્યા બાદ આધાર સહ નારાજગી સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૮–૧–૧૨ ના ઈમેલ કમિશ્નરશ્રીને કરેલ ઈમેલ જે મ્યુ. કોર્પોરેશનમાં તા.૯–૧–૧૨ ના રોજ મળેલ છે.

અરજદારે અત્રે કરેલ અરજીના બે માસ કરતા વધુ સમય બાદ મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ અંગે પ્રથમ ઈમેલથી રજુઆત કરેલ છે. જે વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯ (૧) હેઠળ વાજબીપણું રજુ કરવા સાથે અપીલ સમયગાળા દરમ્યાન જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ હોય તો તે મળ્યા બાદ આધાર સહ નારાજગી સ્પષ્ટ કરવા દિન–૩૦માં પ્રથમ અપીલ કરવાની રહે છે જે અરજદાર તરફથી થયેલ નથી. તે અંગેના પક્ષકારની વિગતો તેમજ અપીલ અરજીમાં થયેલા વિલંબ અંગે પણ કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીના વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય

જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી જ વિગતો માંગેલ છે. પરંતુ અરજદારે અપીલની વિલંબીત અરજી બાબતે વ્યાજબીપણું રજુ કરવાની જગ્યાએ ફંડામેન્ટલ રાઈટ, હયુમન રાઈટ તથા સુપ્રીમ કોર્ટ રીટ પીટીશન નં.૪૯૬/૨૦૦૨ તામીલનાડુ બાર એસોશીયેશન વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા ના કેસની અને કલમ–૮૦ કોડ ઓફ પ્રોશેસ, વળતરના દાવાની કન્ટેમ્પ્ટ ઓફ ધી કોર્ટ, આરટીઆઈની સલાહ આપવા બાબત કાયદાની ઉપરવટ ભારતીય બંધારણ આર્ટીકલ–૨૨૬ ની રજુઆત ,લખનૌ ડેવલપમેન્ટ ઓથોરીટી વિરૂધ્ધ એમ.કે.ગુપ્તાના ૧૯૯૪ ના કેસની વિગત, રાહુલ શાહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહારના કેસોની રજુઆત કરેલ છે. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે વિલંબિત અપીલ અંગે પત્ર પાઠવી તક આપવા છતાં તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં કાયદાના આમુખમાં નિર્દિષ્ટ કાયદાનું હાર્દ અને ભાવના ને ધ્યાને રાખી અરજદારની અપીલ ગ્રાહય રાખવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૯–૧૧ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૮૪ તા.૧૯–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેરશ્રી (અઠવાઝોન) ને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/આ.૮૨૫ તા.૧૨–૧૦–૧૧ થી ટાઉનપ્લાનર મ.શહેર વિકાસને નિયત સમય અવધિબાદ તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧)સુરત કોર્પોરેશનમાં સંગમ કો.ઓ.હાઉસીંગ સોસાયટીનાં પ્લોટનં.૩૩ માટેશ્રી ડો.હિરેનભાઈ પાઠક તથા શ્રીમતિ ડો.પ્રજ્ઞાબેન પાઠકે મોડીફાઈડ પ્લાનની અરજી કરી છે તે ઈનવર્ડ થઈ તેની તારીખથી અરજી મંજુર થઈ ત્યાં સુધીમાં જે જે ખાતાનાં જે જે અધિકારીઓએ અરજી ઉપર જે જે નોંધ મૂકી છે તે નોંધની વિગત દર્શાવતા તથા નોંધ મુકનાર અધિકારીનું નામ તથા સહી અને જે અધિકારીએ અરજી ફાઈનલ મંજુર કરી છે તેનું નામ તથા સહીની કોપીઓ આપવા. મુદ્દા નં.ર નગર નિયોજક સુરત મહાનગરપાલિકાનાં પત્ર નં.ટીડીઓ/૧૫૦૪ તા.૧૪–૭–૧૦ મુજબ તા.૧૩–૭–૧૦ ના રોજ પત્ર નં.ટીડીઓ/૧૪૮૮ થી સાઉથ વેસ્ટ ઝોન કચેરીને મોકલેલ પત્રની કોપી આપવા. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૭–૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અંગેની વિલંબિત અપીલ ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ બન્ને મુદ્દાની દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૩) અને નિયમ–૫ હેઠળ અરજદારને અત્રે ની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા ડે. કમિશનર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (મ.શ.વિ.) ને જણાવવામાં આવે છે."

કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને અરજીની તબદીલી કલમ ૬(૩) હેઠળથી ઠરાવેલ સમય અવધિમાં કરવા કાળજી લેવા તાકીદ કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,

(૧) ડે. કમિશનર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી(મ.શ.વિ.)/ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન.....જાણ તથા અમલ માટે

(૨) શ્રી વિજય ઈશ્વરલાલ રસકપુરવાલા